# નિવેદન

**ગાંધીજી** ૧૮૯૩ મે માસમાં દક્ષિણ આફ્રિકામાં વસેલા એક ભારતીય વેપારીના કોઈ કાયદાકીય ઝગડાનો નિવેડો લાવવા માટે ત્યાં ગયા. ત્યાંના ગોરાઓમાં ભારતીય, ચીની વિ. અશ્વેત લોકો અને ત્યાંના મૂળનિવાસી કાળા લોકો વિરુદ્ધ ઊંડો ભેદભાવ ફેલાયેલો હતો. આના વ્યક્તિગત અનુભવ તેમને ત્યાં પહોંચ્યા બાદ થોડા જ દિવસોમાં થવા લાગ્યા. એ જ દિવસોમાં ત્યાંની ઔપનિવેશિક સરકારોએ ગોરા સમાજમાં વ્યાપ્ત ભેદભાવને કાયદાનું રૂપ દેવાનો નવો પ્રયાસ શરૂ કરી દીધું. ખાસ કરીને નટાલ અને ટ્રાંસવાલમાં અનેક નવા રંગભેદી કાયદા બનવા લાગ્યા. દક્ષિણ આફ્રિકા પહોંચ્યાના એક વરસની અંદર ગાંધીજીએ આવા કાયદાનો વિરોધ અને પ્રતિકાર કરવા માટે ત્યાંના ભારતીયોને સંગઠિત કરવાના શરૂ કરી દીધા. જે કાયદાકીય ઝગડા અંગે તેઓ ત્યાં ગયા હતા તેની તો વરસમાં જ સમજુતી કરાવી દીધી હતી. પરંતુ દિવસે-દિવસે બનતા નવા-નવા અપમાનજનક રંગભેદી કાયદાઓના વિરોધમાં ભારતીયોની લડાઈનું સંચાલન કરવા માટે તેઓ ત્યાં એકવીસ વરસ રહ્યા.

આ વિકટ તથા લાંબી લડતના પ્રારંભથી જ ગાંધીજીનો સ્પષ્ટ વિચાર હતો કે આ લડત ભારતીયો માટે કોઈ વિશેષ અધિકાર અથવા સગવડતા મેળવવા માટે નથી, પરંતુ એમની સભ્યતાગત તથા માનવીય અસ્મિતાની રક્ષા કરવા માટે છે. ત્યાં સુધીમાં તેઓ એ સમજવા લાગ્યા હતા કે યૂરોપના આધુનિક સુધારોનો પાયો અનીતિ, અસત્ય તથા અધર્મમાં છે. એથી, શરૂઆતથી જ તેઓ આ લડતને અનીતિ, અસત્ય તથા અધર્મની વિરુદ્ધ નીતિ, સત્ય તથા ધર્મની રક્ષારૂપે રજુ કરે છે, અને ત્યાંના ભારતીય સમાજમાં એવો ભાવ ઉત્પન્ન કરી શકે છે કે તેઓ કોઈ સાધારણ આંદોલનમાં નથી અપિતુ એક મોટા ધર્મયુદ્ધમાં જોડાએલા છે. દક્ષિણ આફ્રિકામાં ચાલતા રંગભેદી કાયદાઓના પૂરને તો ગાંધીજી માત્ર થોડું જ ઝીલી શક્યા. પણ ત્યાંના ભારતીયોની અસ્મિતાની રક્ષા તો ત્યાંના ભારતીયોમાં સંગઠિત થઈને એક મોટા ધર્મયુદ્ધ લડવાના ભાવના જાગરણથી જ થઈ ગઈ, એમ માની શકાય.

લડતને આ રીતે પરિભાષિત કરી ગાંધીજીની આગળ આ પ્રશ્ન ઊભો થાય છે કે અનીતિ, અસત્ય તથા અધર્મની સામે નીતિ, સત્ય અને ધર્મની રક્ષા માટે લડાતી લડતના હથિયાર કયા હોય? લાંબા સંઘર્ષ, ચિંતન તથા ઊહાપોહ બાદ છેવટે ૧૯૦૬માં ગાંધીજી

અને ભારતીય સમાજ સાથે-સાથે સત્યાગ્રહના સિદ્ધાંત પર પહોંચ્યા. સપ્ટેંબર ૧૧, ૧૯૦૬ના દિવસે જોહંસબર્ગમાં યોજાએલ એક વિશાળ જનસભાએ આ વ્રત ધારણ કર્યું કે અમે અનીતિ, અસત્ય અને અધર્મના કાયદાને માનીશું નહિં અને કાયદાની આ અવહેલનાની સજા સહર્ષ ભોગવશું. આ પ્રથમ સત્યાગ્રહ અનેક વરસો સુધી ચાલે છે. અનેક ભારતીયો અનેક વાર દક્ષિણ આફ્રિકાની જેલોમાં ભીષણ કષ્ટ ભોગવે છે, અનેક મોટા વેપારી પોતાનું બધું જ ખોઈને કંગાળ થઈ જાય છે, અનેક લોકો પોતાના અને પોતાના સ્નેહીઓના પ્રાણની આહુતિ આપે છે, ગાંધીજી પોતે અને તેમના જ્યેષ્ઠ પુત્ર હરિલાલ અનેક વાર જેલ જાય છે, એક વાર તો કસ્તુરબાને પણ જેલમાં જાવું પડે છે. નીતિ, સત્ય તથા ધર્મની રક્ષા માટે આ રીતે સહર્ષ કષ્ટોનો સામનો કરતાં-કરતાં ભારતીઓનું આત્મસમ્માન અને આત્મબળ વધતાં જાય છે, સત્યાગ્રહનું સ્વરૂપ વધુ સ્પષ્ટ અને પ્રખર થતું જાય છે.

૧૯૦૬થી શરૂ થયેલા સત્યાગ્રહમાં બ્રિટેનની સરકારની મધ્યસ્થતા અને બ્રિટેનના લોકોનું સમર્થન મેળવવા માટે ગાંધીજી બે વાર લંડન જાય છે, પહેલાં ૧૯૦૬માં અને પછી ૧૯૦૯માં. પોતાના બીજા લંડન પ્રવાસ વખતે લગભગ ચાર માસમાં તેમને આધુનિક સુધારાની તે સમયની અગ્રણી વાહક ઇંગ્રેજી સરકાર, ત્યાંની પાર્લામેંટ તથા અન્ય શાસકીય વ્યવસ્થાઓ અને એની ડોર સંભાળતા ત્યાંના ઉચ્ચ સમાજને નિકટથી સમજવા-જોવાનો અવસર મળ્યો. આ બધું જોઈને તેઓનો આ નિશ્ચય વધારે દૃઢ થઈ જાય છે કે યૂરોપનો આધુનિક સુધારો અને ત્યાંની બધી વ્યવસ્થાઓનો આધાર અનીતિ, અસત્ય તથા અધર્મમાં છે. અને સત્યાગ્રહ નીતિ, સત્ય તથા ધર્મની રક્ષા કરવાનો અને આધુનિક સુધારાના મૂળમાં વ્યાપ્ત અનીતિ, અસત્ય તથા અધર્મના પ્રતિકારનો અચૂક તથા એકમેવ માર્ગ છે.

આ બન્ને વાતોને ગાંધીજીએ પોતાના લાંબા ચિંતન, અનુભવ તથા સંઘર્ષમાં પહેલા જ જાણી લીધી હતી. ૧૯૦૯માં ઇંગ્રેજી ઉચ્ચ સમાજના અનુભવથી તેઓને પોતાના ચિર-નિશ્ચિત વિચારો તુરત લખી લેવાનો ઉત્સાહ પણ જાગ્યો. નવેંબર ૧૯૦૯માં તેઓ સત્યાગ્રહને વધુ આગળ વધારવાનો વિચાર લઈને દક્ષિણ આફ્રિકા જવા રવાના થયા. રસ્તામાં વહાણમાં વિતાવેલા ૧૪ દિવસોમાં પોતાની અનેક વ્યસ્તતાઓ વચ્ચે પણ એમણે હિંદ સ્વરાજ્યની રચના કરી, અને જોહંસબર્ગ પહોંચતા જ તેમણે આ પોતાના સાપ્તાહિક ઇંડિયન ઓપીનિયનમાં છાપવાનો ઉપક્રમ પ્રારંભ કરી દીધો. ગાંધીજી ૨ ડિસેંબર ૧૯૦૯માં જોહંસબર્ગ પહોંચ્યા. હિંદ સ્વરાજ્યનો અડધો ભાગ ઇંડિયન ઓપીનિયનના ૧૧ ડિસેંબરના અંકમા અને બીજો અડધો ભાગ ૧૮ ડિસેંબરના અંકમા છપાયો.

**હિંદ સ્વરાજ્યનું** મુખ્ય કથ્ય તો આ બે વાતો જ છેઃ પહેલી, યૂરોપનો આધુનિક સુધારો અને તેની બધી વ્યવસ્થાઓ અનીતિ, અસત્ય તથા અધર્મ પર ટકેલી છે, આવો સુધારો તો કુધારો છે, તે એક બીમારી છે. અને બીજી, સત્યાગ્રહ આ બીમારીથી છુટકારો મેળવવાની

એકમેવ અને અચૂક ઔષધિ છે. આ ગ્રંથ ગાંધીજી પોતાના દક્ષિણ આફ્રિકાના અનુભવના આધારે જ લખે છે, પરંતુ એમનું ધ્યાન ભારતવર્ષ અને આપણા સનાતન ધર્મસમ્મત સુધારા પર છે. હિંદ સ્વરાજ્યના માધ્યમથી તેઓ ભારતભૂમિ અને ભારતીય સુધારાને અંગ્રેજી આધિપત્યથી છુટકારો અપાવવાનો માર્ગ શોધી રહ્યા છે. એથી, તેઓ હિંદ સ્વરાજ્યના મૂળ કથનનું પ્રતિપાદન એ સમયના ભારતની રાજનીતિક, સામાજિક, વૈશ્વિક તથા આર્થિક પરિસ્થિતિના સંદર્ભમાં જ કરે છે. અનુભવથી તેઓ જાણે છે કે સત્યાગ્રહ સફળ ત્યારે જ થઈ શકશે જ્યારે સંપૂર્ણ સમાજ મળીને એમાં ભાગ લેશે. એથી તેઓ કોંગ્રેસમાં ગરમ અને નરમ દળના વચ્ચે તથા  હિંદુઓ અને મુસલમાનોની વચ્ચે સમન્વયની વિસ્તૃત ચર્ચા કરે છે. રેલવે, અદાલતો, વકીલો, દાક્તરો તથા નવા અંગ્રેજી શિક્ષણને કારણે સમાજના વિખેર અને આત્મવિશ્વાસથી ભટકી જવાની ચિંતા પણ કરે છે. અને સંચા પર આશ્રિત નવી ઉત્પાદન પદ્ધતિથી ભારતની સહજ અર્થવ્યવસ્થા તથા સંયમિત ઉપભોગના ભારતીય અનુશાસનને બચાવવા માટે સ્વદેશીની ધૂણી પણ ધખાવે છે. છતાં આ બધા પાછળનો ધ્યેય તો ભારતના ધર્મસમ્મત સુધારાને યૂરોપના આધુનિક સુધારાના અધર્મથી બચાવવા ભારતના લોકોને સત્યાગ્રહ માટે તૈયાર કરવાનો જ છે.

**હિંદ સ્વરાજ્ય** એ એક સિદ્ધ ગ્રંથ છે. વીસમી સદીના પ્રારંભમાં યૂરોપના આધુનિક સુધારાની ચોમેર બોલબાલા હતી અને ભારત ૧૫૦ વરસોથી ઇંગ્રેજોની ગુલામીમાં ફસાયેલું હતું, એ સમય આ ગ્રંથમાં ભારતનો સુધારો અને ભારતના લોકોની મહત્તા અને સહજ ધાર્મિક વૃત્તિનું પ્રતિપાદન થયું અને સાથે જ ભારતના આ સંકલ્પનો ઉદ્‌ઘોષ પણ થયો કે હવે ભારત અનીતિ, અસત્ય અને અધર્મ ચલાવી નહીં લે, અધર્મનો ધર્મથી — સત્યાગ્રહથી — પ્રતિકાર કરાશે.

આ ગ્રંથની પ્રસ્તાવનામાં ગાંધીજી કહે છે કે ‘જ્યારે મારાથી નથી રહેવાયું ત્યારે જ મેં લખ્યું છે.’ ઇંગ્લેંડથી દક્ષિણ આફ્રિકા પાછા ફરતા તેઓ આ ગ્રંથ લખી લેવાની તાલાવેલી દાખવે છે. એવા મનોયોગથી તે આમાં લાગે છે કે જ્યારે લખતા-લખતા જમણો હાથ થાકી જાય છે તો ડાબા હાથે લખવા લાગે છે. સિદ્ધ ગ્રંથ કંઈક આ જ રીતે રચાતા હોય છે.

અમે આ ગ્રંથને એના મૂળ સ્વરૂપમાં જ આપી રહ્યા છીએ. સુયોગથી ગાંધીજીની હસ્તલિપિની ફોટોપ્રતિ નવજીવન પ્રેસે વિક્રમ સંવત ૧૯૭૯માં છાપી દીધી છે. એ ફોટોપ્રતિને અમે અક્ષરશઃ મુદ્રણલિપિમાં બદ્ધ કરી છે. અત્યાર સુધી હિંદ સ્વરાજ્યના જે ગુજરાતી સંસ્કરણો ઉપલબ્ધ છે એમાં અનેક સ્થાને મૂળથી કંઈક ફેરફાર થઈ ગયો છે. પણ સિદ્ધ ગ્રંથોના તો પ્રત્યેક અક્ષર પ્રત્યેક માત્રાનું મહત્ત્વ હોય છે.

હિંદ સ્વરાજ્યની રચના ગાંધીજીએ એક પ્રવાહમાં કરી છે, ૨૭૬ પાનાની હસ્તલિપિમાં ક્યાંક-કયાંક જ છેકા અથવા ફેરફારો થયા છે. જ્યાં-જ્યાં આવું થયું છે એનું સંકલન અમે

એક પરિશિષ્ટમાં કર્યું છે. આ પરિશિષ્ટથી એટલું તો જાણી શકાય કે હિંદ સ્વરાજ્ય લખતાં ગાંધીજી ઉપયુક્ત શબ્દના ચયન પર કેટલું ધ્યાન આપી રહ્યા છે. ક્યાં ઇંગ્રેજ માટે ગોરા લખવું છે અને ક્યાં સાહેબ, ક્યાં પારસી લખવું અને ક્યાં જરુસ્થિતિ, ક્યાં યૂરોપી લખવું છે અને ક્યાં ઇંગ્રેજી, ક્યાં આત્મા લખવું છે અને ક્યાં ખરી વસ્તુ, આ બધા પર ગાંધીજી સતત ધ્યાન આપતા હોય, એવું જોવામાં આવે છે.

હિંદ સ્વરાજ્યને ઇંડિયન ઓપીનિયનમાં છપાતા પણ અમુક ફેરફારો થઈ ગયા છે. એમાંના મોટા ભાગના તો જોડણી અંગેના છે. ગાંધીજી પોતે જોડણી અંગે બહુ સચેત છે, છતાં એમ લાગે છે કે ગાંધીજીની હસ્તલિપિને ઇંડિયન ઓપીનિયનમાં છાપતાં જોડણી પર બહુ ધ્યાન અપાયું નથી. આ પ્રકારના ફેરફારો સિવાય ઇંડિયન ઓપીનિયનનો પાઠ જ્યાં-જ્યાં મૂળ હસ્તલિપિથી ભિન્ન છે એની યાદી એક અન્ય પરિશિષ્ટમાં આપી છે. આ હિંદ સ્વરાજ્યના અમારા સંસ્કરણનો પ્રથમ ભાગ છે.

બીજા ભાગમાં હિંદ સ્વરાજ્યના મૂળ ગુજરાતી પાઠને અમે દેવનાગરી લિપિમાં આપી રહ્યા છીએ. આ પાઠની સમાંતર અમે મૂળ પાઠનો હિંદી શબ્દાનુવાદ પણ આપ્યો છે. અનુવાદ કરતાં જ્યાં સુધી થઈ પડ્યું શબ્દોંના ક્રમને મૂળ ગુજરાતી વાક્યને અનુરૂપ જ રાખ્યું છે. આથી ક્યાંક-ક્યાંક હિંદી વાક્ય કંઈક અટપટું દેખાય શકે. અમારો પ્રયાસ છે કે હિંદી જગત્‌ના પાઠક આ શબ્દાનુવાદને વાંચતાં મૂળ ગુજરાતીને પણ સમજી શકે. ગુજરાતી ભાષાની પોતાની એક લય છે, પોતાનો એક પ્રવાહ છે. આ પ્રવાહ અને લયનો કંઈક આભાસ હિંદી પાઠકોને પણ મળી શકે, એવું અમે ઇચ્છ્યું છે.

હિંદ સ્વરાજ્યના પ્રકાશન ઉપરાંત ગાંધીજીએ બે માસને અંદર હિંદ સ્વરાજ્યનો અંગ્રેજી ભાષામાં અનુવાદ કરી ૧૯૧૦ના પ્રારંભમાં જ છપાવ્યો. પછીના વર્ષોમાં હિંદ સ્વરાજ્યના અનેક અંગ્રેજી સંસ્કરણ પ્રકાશિત થયા. પરંતુ આ બધા સંસ્કણોમાં ૧૯૧૦નો મૂળ સંસ્કરણથી અનેક બદલાવ થઈ ગયા છે. આ સંસ્કરણના ત્રીજા ભાગમાં અમે હિંદ સ્વરાજ્યનું ગાંધીજીએ કરેલું અંગ્રેજી ભાષાંતરનું ૧૯૧૦નું મૂળ રૂપમાં આપી રહ્યા છે. સાથે અમે પ્રમુખ સંસ્કરણોમાં થયેલા ફેરફારોની યાદી આપી છે. ત્રીજા ભાગના અંતમાં હિંદ સ્વરાજ્યના કંઈક મુખ્ય વિષયો તથા સંદર્ભો ઉપર અમારા વિચારો પણ રજુ કર્યા છે. આ ત્રણેય ભાગને અમે અલગ-અલગ તથા એકસાથે પણ પ્રકાશિત કરી રહ્યા છે.

**હિંદ સ્વરાજ્યનો** મૂળ ગુજરાતી પાઠમાં ગાંધીજી એ રીતે સંભળાય છે જાણે કોઈ ડાહ્યા વડીલ ચોરા પર બેસીને નીતિ, ધર્મ તથા કર્ત્તવ્યની વાતો સમજાવી રહ્યા હોય. આપણે ભારતીય સુધારાને એક વાર ફરી એ જ રૂપમાં જોઈ શકિએ, એમની વાતો એક વાર ફરી એ જ રીતે સાંભળી શકિએ, અને એ પ્રમાણે વ્યવહાર કરતાં શીખી શકિએ, એવો અમારો પ્રયત્ન છે.

અમે ભરસક પ્રયત્ન કર્યો છે કે મૂળના સંપાદનમાં તથા અનુવાદમાં કોઈ ત્રુટિ ન રહે, સિદ્ધ ગ્રંથને અનુરૂપ હિંદ સ્વરાજ્યની ગરિમાનો અમારાથી ઉલ્લંઘન ન થાય. છતાં ત્રુટિઓ તો રહી જ હશે. એ માટે અમે ક્ષમાપ્રાર્થી છીએ.

હસ્તલિપિનો વાચવા અને સમજવામાં ઉદય મેઘાણી અને કલ્પના મેહતાનો વિશેષ સહયોગ રહ્યો છે. આ સંસ્કરણના સંપાદનમાં અનેક માણસોએ યોગદાન આપ્યું છે. અમે તેના આભારી છે.

વસંત પંચમી, કલિ ૫૧૧૨
ફેબ્રુઆરી ૮, ૨૦૧૧

**જિતેન્દ્ર બજાજ**